**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૧ ટકા

# ગાંધીનગરમાં આરંભાયું ચક્ષુદાન પખવાડીયું

**ભારતમાં ૧.૫ કરોડ લોકો અંધ : દર વર્ષે ૨૫ હજાર વ્યક્તિઓ અંધ બની રહ્યા છે : દેશમાં ૧૨ લાખ લોકો કીકીના રોગથી અંધ**

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર જિલ્લામાં તા. ૨૫મી ઓગષ્ટથી તા. ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૦ દરમ્યાન ચુક્ષદાન પખવાડિયાની ઉજવણી વિવિધ માધ્યમો થકી લોકોને જાગૃત્ત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ અંગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આંખ કીકીના રોગથી અંધ છે. ભારત દેશમાં વ્યક્તિની આંખમાં કોર્નિયા ઉપર કંઈક વાગવાથી, કેમિકલ્સ પડવાથી કે ચેપ લાગવાથી તથા વિટામીન એ ની લોકોમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે તા. ૨૫ ઓગષ્ટ થી તા.૦૮ સપ્ટેમ્બર સુધી ચક્ષુદાન પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. આ કાર્યક્રમ થકી ઉજવણી સમગ્ર રાજયમાં કરવામાં આવે છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં આ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. પરંતુ કોરોના






કરવામાં આવી રહી છે. આ પખવાડિયા દરમ્યાન લોકોમાં ચુક્ષદાન અંગેની જાગૃત્તિ લાવી શકાય તેવા ઉમદા પ્રયાસ કરવામાં આવે છે. આ વખતે કોરોનાની મહામારીના કારણે આ પખવાડિયાની ઉજવણી વિભાગના વડા શ્રી ર્ડા. મરિયમ મનસુરી અને પ્રોગ્રામ ઓફિસર ર્ડા. શિલ્પાબેન ભટ્ટે જણાવ્યું છે કે, ભારતમાં ૧.૫ કરોડ લોકો અંધ છે, જેમાં દર વર્ષે ૨૫ હજાર નવા વ્યક્તિઓ ઉમેરાય છે. અને તેમજ ૧૨ લાખ લોકો ફકત ઉણપથી ફુલું પડી જાય છે. જેના લીધે જે તે વ્યક્તિ દષ્ટિહિન બની જાય છે.

સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો દ્વારા દ્રષ્ટિ પૂરી પાડી શકાય તે માટે વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. લોકોમાં ચુક્ષદાન વિશે જાગૃત્તિ લાવવાનો ઉમદા પ્રયત્ન કરવામાં આવે છે.

રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ હેઠળ આરોગ્ય વિભાગના આંખ વિભાગ દ્વારા આ પખવાડિયાની વાયરસની મહામારીના કારણે આ વર્ષે લોકોમાં મૃત્યૂ બાદ વધુ ને વધુ વ્યક્તિઓ ચુક્ષદાન કરે અને અંધત્વ ધરાવતી વ્યક્તિને દ્રષ્ટિ આપે તેવી જાગૃત્તિ આપવાનો ઉમદા પ્રયાસ વિવિધ માધ્યમો થકી કરવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં સલામતી માસની ઉજવણી અંતર્ગત અરવિંદ લિમિટેડ ખાતે સેફટી સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર જિલ્લામાં તા. ૧૭ઓગષ્ટ થી ૧૫, સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી સલામતી માસ તરીકે



ઉજવવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાની ઔધોગિક સલામતી અને સ્વાથ્યની કચેરી દ્વારા જિલ્લાના વિવિધ ઓધૌગિક એકમો ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે.

તાજેતરમાં કલોલ તાલુકાનાં ખાત્રજ મુકામે આવેલી ''લિંકન પોલીમર્સ પ્રા.લિ.'' અને ''અરવિંદ લિ.''માં 'સેફટી સેમિનાર' યોજવામાં આવ્યો હતો. જેમાં કામની જગ્યાએ સલામતીના નિયમોનું ચુસતપણે પાલન,આગ જેવા આકસ્મિક બનાવ વખતે લેવાની તકેદારી, માહિતિનો પ્રસાર, સુરક્ષાના સાધનો પ્રત્યે યોગ્ય તાલીમ લેવી વગેરેની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ દહેગામ તાલુકાનાં સાંપા ખાતે 'કૃષ્ણા કોલ્ડ સ્ટોરેજ' ખાતે એમોનિયા ગેસ લિકેજનું અને કડાદરા ખાતે 'અભિયાન ડેકોરેટિવ ઈન્ડીયા LLP ''માં ફાયરડ્રીલ યોજવામાં આવી હતી.

તા.૨૮/૦૮/૨૦૨૦નાં રોજ કલોલ તાલુકાનાં છત્રાલ મુકામે 'સહજાનંદ કેમ' માં કલોરીન ગેસ લિકેજની મોકડ્રીલ અને ૨૯/૦૮/૨૦૨૦ નાં રોજ 'ગોકુલ ફ્રીઝીંગ હાઉસ પ્રા.લિ.', પરબત પુરા, તા.માણસા ખાતે એમોનિયા ગેસ લિકેજનું મોકડ્રીલ યોજવામાં આવી હતી.

તેમજ સાથે-સાથે પ્રવર્તમાન COVID-19 ની મહામારીના સંજોગોમાં સરકારશ્રીની જાહેર કરાયેલ માર્ગદર્શિકાઓ મુજબ સોશિયલ ડિસ્ટન્સીન્ગ સાથે કેવીરીતે સુરક્ષિત રીતે કામ કરવું જરૂરી છે તેનું માર્ગદર્શન આપવમાં આવ્યું હતું. આ મુજબ અન્ય ઈન્ડસ્ટ્રી વિસ્તારોના કારખાનાઓમાં પણ આવનારા દિવસોમાં આ મુજબના મોકડ્રીલ તેમજ સેફટી-સેમિનાર યોજી કારખાના મેનેજમેન્ટ તથા શ્રમયોગીઓમાં ઈમરજન્સી સમયે કેવી સતર્કતા



રાખવી તથા ચાવીરૂપ ભૂમિકા ભજવી આપત્તિને કાબુમાં લેવી તેનો પ્રસાર તથા પ્રચાર થઈ શકે તે મુજબની કાર્યવાહી કરવામાં આવનાર છે .

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી દિને ઈ - મેગેઝીન 'ઉડ્ડુયન'ના મેઘાણી વિશેષાંકનું વિમોચન

ગાંધીનગર તા. ૨૯
સ્વાતંત્રતા માટેની રાષ્ટ્રીય લડત સહિત જીવનનો જોમ જુસ્સો જેમના સર્જનમાં ભારોભાર છલકતો હતો તેવા ગુજરાતી સાહિત્યના અણમોલ ઘરેણાં સમાન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની આજે ૧૨૫મી જન્મજયંતી હતી. આ પ્રસંગે પાટનગરના ઈ - મેગેઝીન 'ઉડ્ડુયન' દ્વારા આજે જન્મજયંતી વિશેષાંકનું વિમોચન લોકસાહિત્ય ક્ષેત્રના ગાંધીનગરના વરિષ્ઠ લેખક વસંત એસ. ગઢવીના વરદ હસ્તે પુનિતવનના મુખ્ય પ્રવેશદ્વારે વિમોચન કરવામાં આવ્યું હતું.

કોરોના મહામારીના કારણે જુજ સભ્યોની ઉપસ્થિતિમાં માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ સાથે યોજાયેલા આ કાર્યકમમાં ટીમ ઉડ્ડુયનના સંપાદક ધ્રુવ પ્રજાપતિ 'આઝાદ', પરામર્શક પ્રતાપસિંહ



ડાભી 'હાકલ' અને ટીમ કમિટી મેમ્બર જીજ્ઞેશ જાદવ 'કર્મવીર', વિવેક પરમાર 'રખડું', નરેન્દ્ર પ્રજાપતિ 'વસંત' સહિત કેટલાંક મેઘાણી સાહિત્ય પ્રેમી મિત્રો હાજર રહ્યા હતાં. ઉડ્ડુયનના મેઘાણી વિશેષાંકના મુખપૃષ્ઠ પર છપાયેલી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની લાક્ષણિક તસવીર નિહાળતા ઉપસ્થિત સૌ કોઈ મેઘાણીમય બની ગયા હતાં. ઉડ્ડુયનના મેઘાણી વિશેષાંકના પદ્ય વિભાગમાં પ્રતાપસિંહ ડાભી 'હાકલ', સતીન દેસાઈ 'પરવેઝ', મનોજ ભાવસાર 'નિઃશેષ', ભરત વાળા, કેશા સુથાર, જ્યારે ગદ્ય વિભાગમાં અંબાદાન રોહડિયા, ડૉ બળવંત જાની, ડૉ. નિરંજન રાજ્યગુરુ, વસંત ગઢવી, રાઘવજી માધડ, ધર્મેન્દ્ર ત્રિવેદી, યાસીન દલાલ, કલ્પેશ ચાવડા, કૃષ્ણદાન ગઢવી, વિષ્ણુસિંહ ચાવડા, વસીમ 'વ્હાલા' જેવા સિદ્ધહસ્ત સાહિત્યકારોના લખાણના સમાવેશથી મેઘાણી ખુદ શબ્દદેહે 'ઉડ્ડુયન'માં ઉતર્યા હોય તેવી પ્રતિતી ઉપસ્થિત સૌ કોઈએ વ્યકત કરી હતી. વિમોચન કાર્યક્રમના સમાપન બાદ મેઘાણીજીના જન્મદિન નિમિત્તે 'ટીમ ઉડ્ડુયન'ના યુવાનો દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતાં જરૂરીયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોના બાળકોને દૂધ અને કેળાનું વિતરણ કરીને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી અને મેઘાણીજીનો જન્મદિન યાદગાર બનાવ્યો હતો.



સેકટર-૫એ માં રહેતા ભાનુભાઈ છનાલાલ વાણિયાએ એમના ઘર આગળ ગણપતિદાદાને રંગેચંગે પાણી ભરેલ ટબમાં વિસર્જન કર્યું હતું.

# ગાંધીનગરમાં ૧૧.૫૧ % લોકો તમાકુનું સેવન કરે છે

ગાંધીનગર, તા. ૨૯
તાજેતરમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં ગુજરાતમાં થોડાં શહેરોમાં તમાકુના સેવનની પેટર્ન વિશે જાણકારી મેળવવામાં આવી હતી. ગાંધીનગર અને મહેસાણામાં સેમ્પલ સાઈઝ પર હાથ ધરવામાં આવેલા આ અભ્યાસમાં જાણકારી મળી હતી કે, તમાકુ અને એની આડપેદાશોનું સેવન મોટી સંખ્યામાં લોકો કરી રહ્યાં છે.

આ અભ્યાસમાં ૧૫થી ૬૪ વર્ષ વચ્ચેની વયજૂથ ધરાવતા આશરે ૫૦૪ લોકો સામેલ થયા હતા. ૬૮.૬૫ ટકા સાક્ષરતા દર સાથે ગાંધીનગરમાંથી આશરે ૧૫.૪૮ ટકા સહભાગીઓ બેરોજગાર હતા. બાકીના લોકો કૃષિ ક્ષેત્ર, ખાનગી અને સરકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. એવી જાણકારી મળી હતી કે, અભ્યાસમાં સહભાગી થયેલા ગાંધીનગર અને મહેસાણામાં રહેતા લોકો વચ્ચે અનુક્રમે ૧૧.૫૧ ટકા અને ૧૮.૨૫ ટકા ધુમ્રપાન કરતા હતા. એમાંથી બંને જિલ્લાઓમાંથી આશરે ૯૦ ટકા દરરોજ ધુમ્રપાન કરતા હતા. અભ્યાસમાં સામેલ થયેલા ગાંધીનગરના સહભાગીઓમાંથી ૨૬.૧૯ ટકા લોકો ધુમ્રપાન સિવાયના તમાકુના સ્વરૂપનું સેવન કરતા હતા, ત્યારે ધુમ્રપાન સિવાયના તમાકુના સ્વરૂપની સરખામણીમાં મોટી ઉંમરે ધુમ્રપાનની શરૂઆત થઈ હતી. વળી ગાંધીનગર અને મહેસાણા એમ બંનેમાં ધુમ્રપાન સિવાયના તમાકુનું સેવન મહિલાઓની સરખામણી (૧૪.૨૯ ટકા અને ૧૮.૨૫ ટકા)ની સરખામણીમાં પુરુષોમાં (૩૮.૧૦ ટકા અને ૫૦.૭૯ ટકા)માં વધારે જોવા મળતું હતું.

એપોલો CBCCના હેડ એન્ડ નેક કેન્સર સર્જન ડૉ. વિશાલ ચોકસીના જણાવ્યા મુજબ, ''ઉપરોક્ત અભ્યાસ સ્પષ્ટપણે તમાકુની સમસ્યાના મૂળિયા કેટલા ઊંડા છે એનો સંકેત આપે છે. ગુજરાતમાં તમાકુનું મોટા પાયે સેવન થાય છે. આ સ્વાસ્થ્ય માટે હાનિકારક સમસ્યા હોવાની સાથે લાંબા સમયથી આપણા સમાજને ઊધઈની જેમ નુકસાન કરી રહ્યું છે. તમામ વયજૂથ ધરાવતા લોકોમાં, પુરુષ-સ્ત્રી બંનેમાં અને તમામ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો વચ્ચે તમાકુનું વિવિધ સ્વરૂપે સેવન થાય છે. બાળકો, કિશોરો અને યુવાન પુખ્તો ઝડપથી પ્રભાવિત થઈ જાય છે અને ધુમ્રપાન કે તમાકુના સેવન તરફ સરળતાથી વળી શકે છે. ઘણા યુવાનો નાની વયે તમાકુના વ્યસનનો ભોગ બની જાય છે એટલે વધતી ઉંમરે કે મોટી વયે આ લતમાંથી છુટકારો મેળવવો મુશ્કેલ છે.

# બીએપીએસ ગાંધીનગર ક્ષેત્ર-૧ના મહિલા મંડળો દ્વારા ઘેર ઘેર ચાતુર્માસ પારાયણનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯
બીએપીએસ ગાંધીનગર ક્ષેત્ર-૧ના મહિલા મંડળો દ્વારા ઘેર ઘેર ચાર્તુમાસ પારાયણનું આયોજન કરાયું હતું. આ શુભ પ્રસંગની શરુઆતમાં મહિલાઓએ ધૂન - પ્રાર્થના - સ્તુતિ કરી હતી. ત્યારબાદ વિશ્વાં ફેલાયેલા કોરોનાની મહામારીના સંકટમાં સૌને શાંતિ મળે, સૌનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે નિર્દેશક મિનાક્ષીબેન પટેલે તૈયાર કરેલી રેકોર્ડિંગ ક્લિપના આધારે સૌએ મહાપૂજા કરી હતી.

આ પ્રસંગે બ્રહ્મસ્વરુપ શ્રી પ્રમુખ સ્વામી મહારાજના શબ્દાર્થી પર્વે તેમના આધ્યાત્મિક અનુગામી પ્રગટ શ્રી મહંત સ્વામી મહારાજ લિખિતિ અક્ષરપુરુષોત્તમ સંહિતા અંતર્ગત 'સત્સંગ દીક્ષા' ગ્રંથનું પૂજન સૌએ કર્યું હતું. પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત આજ્ઞા-ઉપાસનાના સિદ્ધાંતોને નિરુપતાં શાસ્ત્રના ગ્રંથકાર પ્રગટ બ્રહ્મસ્વરુપ શ્રી મહંત સ્વમી મહારાજે નેનપુર ખાતે ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરે વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરી ભેટ આપેલા 'સત્સંગ દીક્ષા' ગ્રંથનું દરેક મંડળે વાંચન કર્યું હતું.

પારાયણ પર્વમાં આરતી - થાળ સાથે કેટલાંક મંડળોના અન્નકૂટ આયોજનમાં ભક્તિભાવ નિખરતો જોવા મળે છે. મોટી સંખ્યામાં જોવા મહિલાઓએ પોતાના ઘેર પારાયણ કરી દર વર્ષે થતી મહિલા પારાયણની પરંપરાને આ વર્ષે જાળવી રાખી છે.



# ડબ્લ્યુઆઈસીસીઆઈની ગુજરાત ઉદ્યોગ સાહસિકતા પરિષદનું ડિજિટલ લોંચીંગ કરાયું

ગાંધીનગર તા.૨૯
ડબ્લ્યુઆઈસીસીઆઈ દ્વારા ગુજરાત આંત્રપ્રિન્યોર કાઉન્સિલને ''આંતરરાષ્ટ્રીય મહિલા સમાનતા દિવસ'' એટલે તા. ૨૬મી ઓગસ્ટના રોજ બપોરે ૧૨ વાગ્યે શરૂ કરવામાં આવી છે. કાર્યક્રમની મધ્યસ્થી કુ.રાજાસી ગજ્જરએ ''સરસ્વતી શ્લોક" થી પ્રારંભ કર્યો હતો જે ડબલ્યુ.સી.આઇ.સી.આઇ.ના સ્થાપક અને વૈશ્વિક અધ્યક્ષ, એએલએલ લેડિઝ લીગ (એએલ) અને મહિલા આર્થિક મંચ (ડબ્લ્યુઈએફ) ના પ્રમુખ ડો. હરબીન અરોરાની રજૂઆત પછી કરવામાં આવી હતી. તેમના વિશેષ સંદેશમાં ખાસ કરીને ઉદ્યમીઓને હરબીન અરોરાએ આશ્ચર્યજનક રીતે ''ઉદ્યોગસાહસિક'' શબ્દ ''આંતરરાષ્ટ્ર'' તરીકે વ્યાખ્યાયિત કર્યો છે જેનો અર્થ છે કે ''તમારા દૈવી મૂળને ઓળખી અને અનુસરણ કરીને આગળ વધો''.

આ પ્રસંગે ડબ્લ્યુઆઈ સીસીઆઈના ગુજરાત પ્રમુખ વૈશાલી વૈષ્ણવે તેમની સ્વાગત ટિપ્પણીમાં મહિલાઓના સમાનતા દિન પર શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમણે સંદેશ સાથે કહ્યું હતું




કે 'તમે જે કરો છો તેને પ્રેમ કરો અને આનંદ કરો ત્યારે તે કામ કરવાનો શ્રેષ્ઠ માર્ગ બને છે.'


અતિથિ વક્તા તરીકે ફાલ્ગુની વસાવડા ઓઝાએ 'તમને મર્યાદિત કરે છે' વિષયે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને તેમના શક્તિશાળી સંદેશથી પ્રેક્ષકોને ઉત્સાહિત કર્યા હતા. તેમણે સૂચવ્યું કે બધી માતાઓ આત્મ-પ્રેમ, પોતાની મહત્વાકાંક્ષાઓ અને પોતાની પસંદગીઓ કરતી માતા બનશે.

આ સત્ર પછી યુએઈના વિનોદ તિવારીએ પ્રેરણાદાયી ભાષણ આપ્યું હતું, જે આંતરરાષ્ટ્રીય વક્તા છે, ઉદ્યોગ સાહસિકોના સલાહકાર છે અને ''નીતિ આયોગ-ગુજરાત'' ના પ્રાદેશિક માર્ગદર્શક છે. તેમના મતે મહિલાઓમાં પોષણ અને પરિવર્તન કરવાની શક્તિ છે. ડ્રીમ બીગ મંત્ર સાથે 'તમારા જુસ્સાને અનુસરો અને' 'તમારામાં રોકાણ કરો' કહી તેમણે દર્શકોને પ્રભાવિત કર્યા હતા. ગુજરાતના ઉચ્ચ અને તકનીકી શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ અંજુ શર્મા - માનનીય મુખ્ય સચિવે કહ્યું હતું કે 'મહિલાઓ જન્મજાત ઉદ્યોગસાહસિકો છે અને ઘણી વસ્તુઓ એકસાથે સારી રીતે સંચાલિત કરી શકે છે.' તેમણે ''મહિલા ઉદ્યમીઓ માટે ઉપલબ્ધ સરકારી સહાય'' પર પણ પ્રકાશ પાડ્યો હતો. આ ઉપરાંત મહિલા ઉદ્યમીઓ પાયલ જી. મહેતા, ફાલ્ગુની પટેલ અને અનુયા ત્રિવેદી વગેરેએ 'નવી તકોના યુગમાં મહિલા ઉદ્યમ સફર' વિષય પર પ્રેરણાદાયક ચર્ચા સાથે પેનલ રસપ્રદ ચર્ચા કરી હતી. કાર્યક્રમના સમાપને ડબલ્યુઆઈસીસીઆઈ ગુજરાત એન્ટ્રપ્રિન્યરશિપ કાઉન્સિલના ઉપપ્રમુખ કૃપા મહેતાએ તમામ મહેમાનો, સાથી સભ્યો અને બધા દર્શકોનો આભાર માન્યો હતો.

# ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા ઓનલાઈન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯
'કાવ્ય સંગમ ગોષ્ઠી' કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સૌ ભાવકો અને સાહિત્ય પ્રેમીઓએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગરના અધ્યક્ષ નટવર હેડાઉ દ્વારા સૌ લબ્ધપ્રતિષ્ઠિત અને નવ ઉન્મેશી સર્જકોનો આવકારવામાં આવ્યા હતા અને સંસ્થાનો પરિચય કરાવ્યો હતો. તેમજ આગામી દિવસોમાં યોજાનાર ભાવિ કાર્યક્રમોની વિગતો આપવામાં આવી હતી.




આ કાર્યક્રમમાં જાણીતા કવિ અને પરબના તંત્રી યોગેશ જોષી (અમદાવાદ)એ ત્રણ રચનાઓનું પઠન કર્યું તે પછી વરિષ્ઠ કવિ રવિન્દ્ર પારેખ (સુરત) દ્વારા ગીત, ગઝલ અને સુરતની બોલીમાં હાસ્ય-વ્યંગ રચના રજૂ કરેલ, કવયિત્રી પારુલ બારોટ (અમદાવાદ) દ્વારા ગઝલ, ગીત અને સૉનેટ રચનાઓનું પઠન કરવામાં આવ્યું, ગઝલકાર પ્રતાપસિંહ ડાભી (હાકલ) દ્વારા ગઝલ અને ગીતોની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તોફાની તાંડવ ફેઈમ કવિ નિરંજન શાહ 'નીર' દ્વારા ગઝલોની અદ્‌ભૂત રજૂઆત કરાઈ હતી, ગૌરવ એવોર્ડ વિજેતા કવિ ધ્વનિલ પારેખની ગઝલોએ રંગ જમાવ્યો હતો.

તો બાળસાહિત્ય, ગઝલકાર, વરિષ્ઠ અધિકારી એવા રવજીભાઈ ગાબાણી એ પણ આગવી શૈલીમાં ગઝલોની રજૂઆત કરી હતી. નટવર હેડાઉ 'વન વિહારી' એ એમની આગવી ઓળખ સમી વનપ્રેમની ગઝલો અને ગીતાની રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમનો ગરિમાપૂર્ણ રીતે ૩૦૦ જેટલા ભાવકો અને સાહિત્ય પ્રેમીઓએ માણ્યો હતો. તેમાં પર્યાવરણ પ્રેમી કનુ યોગી, ભીખુ કવિ અનો કેશુભાઈ પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

## ચિરવિદાય

- સ્વ. ત્રિવેદી દેવ્યાનીબહેન પુષ્પકાંતભાઈ, ઉ.વ.૫૬, છત્રાલ, તા. કલોલ.
- દરબાર દિનેશસિંહ બાલુસિંહ, ઉ.વ. ૩૫, રાયસણ, ગાંધીનગર.
- વજુગીરી રતીગીરી ગોસાઈ, ઉ.વ. ૬૪, સેકટર-૨૬, ગાંધીનગર.
- ગોપીચંદભાઈ શુગનીમલ ચાવલા, ઉ.વ.૭૨, નોબલનગર, અમદાવાદ
- ધીરજલાલ પોપટલાલ સંઘવી, ઉ.વ.૭૭, સેકટર-૨, ગાંધીનગર.
- ચૌધરી રમણલાલ ઘેમરભાઈ, ઉ.વ. ૬૮, આનંદપુરા (વેડા) તા. માણસા
- રાજાવત પાયલબેન જગાજી, ઉ.વ. ૨૦, મોટી મોરાલી, તા. દહેગામ.
- નગાજી ભાવાજી વણઝારા, ઉ.વ. ૪૮, બાસણ, તા. ગાંધીનગર.
- ઠાકોર પશાજી જવાનજી, ઉ.વ.૧૦૦, જેટીપુરા, તા. ગાંધીનગર.

  પ્રફુલચંદ્ર રામશંકર વ્યાસ, ઉ.વ. ૬૦, વાવોલ, તા. ગાંધીનગર.
- રાઠોડ પ્રતાપસિંહ બાદરસિંહ, ઉ.વ. ૫૭, નવા ધરમપુર, તા.જી ગાંધીનગર.